દર મહિનાની ૧૫મી તારીખે પ્રસિદ્ધ થતું માસિક
શ્રી ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ, ગાંધીનગર દ્વારા પ્રકાશિત

# ભટ્ટ મેવાડા વર્તમાન

વેબસાઈટ : www.Bhattmewada.org

RNI NO. GUJGUJ/2008/28227
Post;L-2/RNP/G-GNR-266/09-11
Sector-07 Post, Gandhinagar
Valid Up to : 31 Dec. 2011
Rs. 5-00, Annual : Rs. 50-00

તંત્રી : બિપીનચંદ્ર જોષી

Gandhinagar

● વર્ષ : ૨ ● અંક : ૧૦ ● તા. ૧૫-૦૭-૨૦૧૧ ● પાના : ૮ ● છૂટક કિંમત - રૂા. ૫/- ● વાર્ષિક લવાજમ - રૂા. ૫૦/-

રજિ. કાર્યાલય : પ્લોટ નં. ૫૧૭/૧, વાસ્તુનિર્માણ સોસાયટી, સેક્ટર-૨૧, ગાંધીનગર. ● મો. 98982 54550

## ભટ્ટ મેવાડા વર્તમાનના સ્વજનો, જ્ઞાતિજનો, સભ્યો, સેવાભાવી પ્રતિનિધિઓ નીચેની બાબતો પર ખાસ ધ્યાન આપે તેવી વિનંતી....

ભટ્ટ મેવાડા વર્તમાન આગામી સપ્ટેમ્બર માસમાં બે વર્ષ પૂરા કરી ત્રીજા વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. શ્રી ભટ્ટમેવાડા બ્રહ્મ સમાજ, ગાંધીનગર દ્વારા પ્રકાશિત સમાજના આ માસિકથી સમાજનું સંગઠન વધુ મજબૂત, વધુ સબળ, વધુ સંગઠિત બની રહેલ છે જે જ્ઞાતિના ઉજ્જવળ ભવિષ્યની નિશાની છે.

સમાજની વિવિધ પ્રવૃત્તિઓમાંથી લઈને સામાજીક સમરસતા વધી છે. લગ્ન વિષયક જાહેરાતો મફત છાપવાને લઈને અને માસિકનો ફેલાવો સમગ્ર ભટ્ટ મેવાડા જ્ઞાતિમાં હોઈ સમાજમાંથી જ યોગ્યતા ધરાવતા યુવાન-યુવતીઓ મળતા હોવાની બાબત ધ્યાને આવતાં ઘણા યુવક-યુવતીઓના લગ્નો આવી જાહેરાતને લઈને થયા છે જે આજના જમાનામાં ખૂબ જ નોંધપાત્ર અને ગૌરવરૂપ બાબત છે.

આ ઉપરાંત સમાજ દ્વારા વેબસાઈટ .... પણ શરૂ કરવામાં આવેલ છે. આ વેબસાઈટમાં વિવિધ લેખો, વિવિધ સમાજોની વિગતો, રોજગારીની વિગતો, કારકીર્દિ માર્ગદર્શનની વિગતો, લગ્ન વિષયક વિગતો વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે અને તેને લઈને દેશ-વિદેશમાં રહેતા સૌ જ્ઞાતિજનો સાથે સંપર્ક જવંત બંને તેવી બાબતો ઉમેરવામાં આવી રહેલ છે.

કોઈપણ પ્રવૃત્તિને લાંબો સમય ચલાવવી હોય તો તેને આર્થિક રીતે પગભર બનાવવી જોઈએ. ગત વરસ દરમ્યાન ૪૫૦ જેટલા કુટુંબોએ લવાજમ ભરેલ હતું પરંતુ અંક બધા જ કુટુંબોને મોકલવામાં આવતો હતો. કેટલાક જ્ઞાતિજનો લવાજમ માટે ઉત્સુક નથી હોતા અને મફત આવે છે એટલે શું કામ પૈસા ભરવા ? સમાજાનો વિકાસ કરવો હશે અને સમાજને આગળ લઈ જવો હશે તો આવી માનસિકતામાંથી બહાર આવવું પડશે.

બધા જ જ્ઞાતિજનો ચાલુ વરસનું લવાજમ ભરીને ગાંધીનગર સમાજે કરેલ પહેલમાં શ્રી રામની ખીસકોલીની જેમ સમાજને મદદરૂપર થયાનો અહેસાસ કરશે. સૌને અનુકૂળતા રહે તે માટે લવાજમ ભરવા માટે પ્રતિનિધિઓના નામ આપેલ છે.

**ભટ્ટ મેવાડાનું આત્મ ગૌરવ, આત્મ સન્માન વધારીને સમગ્ર જ્ઞાતિની અસ્મિતા વધારી આપણા પૂર્વજો જે રીતે મેવાડ રાજ્યમાં મહત્વ ધરાવતા હતા તેવું જ મહત્વ ગુજરાતમાં અને વિશ્વમાં પણ ધરાવતા થઈએ તે જ છે.**

આ દિશામાં ગાંધીનગર સમાજે શરૂ કરેલ આ ઝુંબેશને અને ભગીરથ કાર્યોનો સૌનો સાથ સહકાર મળવાની પૂરી અપેક્ષા અને ખાતરી છે અને તેને લઈને આ પ્રવૃત્તિને આંદોલનનું સ્વરૂપ આપી શકાશે અને જો તેમ થશે તો સમગ્ર વિશ્વમાં ભટ્ટ મેવાડાની આગવી ઓળખ ઉભી થઈ શકશે.

ભટ્ટ મેવાડા વર્તમાનનું લવાજમ ઓગષ્ટ માસ સુધીનું હતું એટલે કે સપ્ટેમ્બર માસથી આગામી વર્ષ માટેનું લવાજમ ભરવાનું થાય છે

**ભટ્ટ મેવાડા વર્તમાનનું લવાજમ રૂા. ૫૦ છે. લવાજમ પોતે ભરીએ અને અન્યને ભરાવીએ**

**હાય હેલ્લો છોડો... જય એકલિંગજી બોલો...**

# તંત્રી સ્થાનેથી....

## જોઈએ છે અને બનવું છે

એક મનુષ્ય તેની નવી કાર ધોઈ રહ્યો હતો ત્યારે તેના પાડોશીએ તેને પૂછ્યું, તમે આ કાર ક્યારે લીધી ? તેણે જવાબ આપ્યો, મારા ભાઈએ તે મને ભેટમાં આપી.

પાડોશીએ નિઃસાસો મૂકી કહ્યું, કાશ, મારી પાસે આવી કાર હોત તો ?

પેલા મનુષ્યે તેને કહ્યું, આવો ભાઈ તમને હોય તેવું તમારે ઈચ્છવું જોઈએ.

પેલા પાડોશીનો કોઈ સંબંધી પણ આ સંવાદ સાંભળી રહ્યો હતો. તેણે કહ્યું, હું આવો ભાઈ બની શકું તો કેટલું સારૂં.

ભટ્ટ મેવાડા સમાજ અન્ય સમાજોની સરખામણીએ નાનો છે. આગળ જણાવ્યું તેમ કાર ભેટ આપનાર ભાઈ જેવા આપણે બનવાનું છે અને જો તેમ થાય તો આપણો કોઈ જ્ઞાતિજન દુઃખી નહિ હોય. ભાઈના ભાઈમાં સુખી અને ભાઈના દુઃખમાં દુઃખી એ વિચારસરણી જ સમાજને આગળ લાવી શકશે.

---

**લવાજમ ભરવા માટેના પ્રતિનિધિઓની યાદી પણ અંકમાં આપેલ છે. આ પ્રતિનિધિઓ મારફતે અથવા ચેક/ડીમાન્ડ ડ્રાફટથી મોકલી શકાશે.**

મનીઓર્ડરથી લવાજમ મોકલનાર સ્વજનોને વિનંતી છે કે મનીઓર્ડરની સ્લીપમાં પોતાનું પુરૂં નામ, સરનામું અને પીન કોડ સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરોમાં લખે.

જ્ઞાતિબંધુઓને વિનંતી છે કે લવાજમની રકમ બહારગામના ચેકથી ન મોકલતાં ભટ્ટમેવાડા વર્તમાનના નામના ગાંધીનગરના ચેક અથવા ડીમાન્ડ ડ્રાફટથી મોકલશો. જેથી રકમ મળવામાં વિલંબ ન થાય અને ખૂબ ઉંચા દરે બેંક કમિશન ન ભોગવવું પડે.

હાલના હયાત પ્રત્યેક સભ્યને વિનંતી છે કે કમ-સે-કમ ત્રણ નવા સભ્યો બનાવી આપે અને પ્રત્યેક પ્રતિનિધિને પણ વિનંતી છે કે ગત વર્ષની સરખામણીમાં ૧૦ ટકાથી વધુ સભ્યો નોંધે.

ભટ્ટ મેવાડા વર્તમાનના ભાવકો/ગ્રાહકોને વિનંતી છે કે તેઓ જન્મદિવસ, લગ્ન દિવસ, શુભ દિવસ નિમિત્તે ભટ્ટ મેવાડા વર્તમાનનું લવાજમ ભરીને સભ્યપદ અન્યને ભેટ આપે. આથી નિશ્ચિત સમયગાળા દરમ્યાન પ્રત્યેક અંક થકી આપની સદભાવના તાજી થતી રહેશે. આવા ભેટ લવાજમની વિગતો અવારનવાર ભટ્ટ મેવાડા વર્તમાનમાં પ્રકાશિત કરવામાં આવશે.

# ભટ્ટ મેવાડા ડિરેક્ટરી

ભટ્ટ મેવાડા ડીરેક્ટરીની સોફ્ટ કોપી બહાર પાડવામાં આવી છે. આ અંગે જે વ્યક્તિઓએ એમના ઈ-મેલ સરનામા આપ્યા હતા તેમને આની એક નકલ ઈ-મેલ કરવામાં આવી છે. હજુ પણ જેને ડીરેક્ટરીની સોફ્ટ કોપી જોઈતી હોય તે rmjoshi51@yahoo.com પર જાણ કરે. હાલ ડીરેક્ટરીમાં લગભગ ૧૦૦૦ કુટુંબની માહિતી છે. અમુક કુટુંબો એ માહિતી અધૂરી આપી છે. તેમની માહિતી તે પ્રમાણે આપી છે. ભટ્ટ મેવાડા સમાજના કુટુંબોની સંખ્યા ૪૦૦૦ ઉપર ગણીએ તો ૨૫ ટકા માહિતી આપણને મળી છે. જેમણે માહિતી ન મોકલી હોય તેમણે તાત્કાલિક માહિતી રમેશ જોશી, પ્લોટ નં. ૧૩૧૬/એ/૨, સેક્ટર-૭ ડી, ગાંધીનગર-૩૮૨ ૦૦૭ સરનામે મોકલવી. બધાની અનુકૂળતા માટે આ અંકમાં ડીરેક્ટરીનું ફોર્મ છાપેલ છે. સર્વ જ્ઞાતિજનોને વિનંતી કે વધુને વધુ માહિતી મળે તે માટે પ્રયત્ન કરે જેથી ડીરેક્ટરી છાપવામાં પણ સગવડ પડે.


Kirit Upadhyay
M. 98256 55405

Jaimin Upadhyay
M. 96628 30607



fruits/platters/juices

2, Yogi Complex, Opp. Axix Bank,
Nr. Drive-in-Cinema, Ahmedabad-54.
Ph. : 079-30221144

# ભટ્ટ મેવાડા વર્તમાન લવાજમ વિશે હાર્દિક અપીલ

આપ સહુને છેલ્લા બે વર્ષથી નિયમિત રીતે ભટ્ટ મેવાડા વર્તમાન દર મહિને મળે છે. ભટ્ટ મેવાડા વર્તમાનની હાલ મોટી સંખ્યામાં નકલ રવાના કરવામાં આવે છે.

આના પ્રમાણમાં લવાજમ ભરવાવાળા જ્ઞાતિજનોની સંખ્યા ઓછી છે. આપણો પ્રયત્ન દરેક વ્યક્તિ લવાજમ ભરે તેવો છે.

ભટ્ટ મેવાડા વર્તમાનનું ત્રીજુ વર્ષ સપ્ટેમ્બર-૧૧થી શરૂ થનાર છે. અને નવા વર્ષના લવાજમ પણ સપ્ટેમ્બર-૧૧થી ભરવાનું થશે.

એક વર્ષનું લવાજમ ફક્ત રૂા. ૫૦/- રાખેલ છે. અને ગાંધીનગર સમાજ આ માસિક પ્રકાશિત કરે છે. અને ખૂટતો ખર્ચ પણ ભોગવે છે. માસિક વધુ સમૃદ્ધ થાય. વધુ પાના સારા પાના. રંગીન છપાઈ આ બધુ કરવું હોય તો ભંડોળની જરૂર પડે તો સર્વ જ્ઞાતિજનોને વિનંતી કે પોતાનું લવાજમ તાત્કાલિક મોકલી આપે. લવાજમ ભરવા માટે સ્થાનિક પ્રતિનિધિઓના નામ આ સાથે આપેલ છે. આ ઉપરાંત જ્ઞાતિજનો પોતાના ધંધાને લગતી અથવા લગ્ન, જન્મ શુભેચ્છા અથવા શ્રદ્ધાંજલીની જાહેરાત આપીને પણ મદદ કરી શકે છે.

જાહેર ખબરના ભાવ આ પ્રમાણે છે.

| | છૂટક | વાર્ષિક | છ માસિક |
|---|---|---|---|
| આખુ પાનું | રૂા. ૧૫૦૦ | ૧૦૦૦૦ | ૭૧૦૦ |
| અડધુ પાનું | રૂા. ૮૦૦ | ૫૦૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | રૂા. ૫૦૦ | ૩૦૦૦ | ૨૦૦૦ |

લગ્ન શુભેચ્છા રૂા. ૨૫૦

**શ્રદ્ધાંજલી**

આખું પાનું - રૂા. ૧૫૦૦
૧/૨ પાનું - રૂા. ૮૦૦
૧/૪ પાનું - રૂા. ૫૦૦

**આજે જ આપનું લવાજમ બુક કરાવો**

**ફક્ત રૂા. ૫૦/-**

પ્લોટ નં. ૧૩૧૬/એ/૨,
સેક્ટર-૭ ડી,
ગાંધીનગર-૩૮૨૦૦૭
ફોન : ૨૩૨૩૦૬૩૨

**ભટ્ટ મેવાડા વર્તમાનનું લવાજમ ભરીને સમાજને મદદરૂપ થયાની અનુભૂતિ કરીએ**

**दानं भोगो नाशस्तिसो गतयो भवन्ति वित्तस्य ।**
**यो न ददाति न भुंक्ते तस्य तृतीया गतिर्भवति ।।**

ધનની દાન, ભોગ અને નાશ એમ ત્રણ પ્રકારની ગતિ છે. જે વ્યક્તિ ધનનું દાન કરતો નથી કે ધનને વાપરતો નથી તેની ત્રીજી ગતિ (નાશ) જ છે.

## દુઃખદ અવસાન

♦ કુકરવાડાના વતની અને અમદાવાદ નિવાસી કપીલાબેન જશવંતલાલ જોશીનું અવસાન થયેલ છે.

ઈષ્ટદેવતા શ્રી એકલિંગજી દાદા મૃતાત્માઓને ચિરઃ શાંતિ અર્પે અને મૃતકોના પરિવાર ઉપર આવી પડેલ સંકટ સહન કરવાની શક્તિ આપે એવી "ભટ્ટ મેવાડા વર્તમાન" પરિવારની પ્રભુ પ્રાર્થના.


LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

**Paresh C. Joshi**

**INVESTMENT CONSULTANT**

General Insurance
Life Insurance Corporation of India

Plot No. 572/1, Sector-6 B,
Gandhinagar-382 006.
Mobile : 96381 48699
Phone : 079 - 23236704

# ‘ભટ્ટમેવાડા વર્તમાન’ના પ્રતિનિધિઓ

ભટ્ટ મેવાડા વર્તમાનના વાંચકોની સુવિધા માટે લવાજમ ભરવું, લેખ- સમાચાર મોકલવા, જાહેરાતના બિલના નાણાંનું ચુંકવણું કરવું વગેરે કાર્યો માટે રાજ્યમાં વિવિધ સ્થળોએ પ્રતિનિધિઓ અધિકૃત કર્યા છે. વાંચકો આ સુવિધાનો લાભ ઉઠાવે તેવી અપીલ છે.

ભટ્ટ મેવાડા વર્તમાનના લવાજમ વગેરેની કામગીરી કરતાં પ્રતિનિધિઓને વિનંતી કે તેમની પાસેની જૂની પહોંચ બુક પરત કરી નવી પહોંચ બુક શ્રી રમેશભાઈ જોશી પાસેથી મેળવી લે. જેથી સપ્ટેમ્બર-૨૦૧૧થી શરૂ થતા વર્ષ માટે નવા લવાજમ લઈ શકાય.

## અમદાવાદ

(૧) શ્રી અરૂણકુમાર કાંતિલાલ ઉપાધ્યાય
૧૩, વિકાસ ટેનામેન્ટ, પ્રશાંત હાઈસ્કૂલ પાસે,
જીવરાજ પાર્ક, અમદાવાદ, ફોન : ૨૬૮૧ ૩૨૩૯

(૨) શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિકમલાલ જોષી
બી-૧૯, લલિતા સોસાયટી, વિરાટનગર સામે,
ઈસનપુર, અમદાવાદ, ફોન : ૨૫૩૯ ૮૩૬૦

(૩) સુશ્રી અમિતાબેન કપિલભાઈ પાઠક
૭૬, શારદાનગર સોસાયટી, વિકાસગૃહ રોડ,
પાલડી, અમદાવાદ, ફોન : ૨૬૬૪ ૧૬૩૭

(૪) શ્રી અતુલકુમાર કાંતિલાલ જોષી
૨, કેસરાયાજી નગર, એલ.આઈ.સી. ઓફિસ સામે,
વાસણા, અમદાવાદ, ફોન : ૨૬૬૧ ૧૨૯૭

(૫) શ્રી અશોકુકમાર શિવશંકર મહેતા
એલ-૧, સેકટર- ૬, નિર્ણયનગર,
ઘાટલોડિયા, અમદાવાદ, (મો) ૯૮૯૮૬ ૫૯૧૩૨

(૬) શ્રી હરસિધ્ધભાઈ ઋષિરાજ અગ્નિહોત્રી
૮-બી, યોગેશ્વર એપાર્ટમેન્ટ, વિજય ચાર રસ્તા,
અમદાવાદ, ફોન : ૨૭૯૧ ૧૭૦૪

(૭) શ્રી મહેન્દ્રભાઈ જે.ભટ્ટ
૩-એ રુદ્રબાગ સોસાયટી, વેજલપુર, અમદાવાદ-૫૧
ફોન નં.૨૬૮૧૦૭૧૭, મો.૯૪૨૮૪૦૫૬૮૯

(૮) શ્રી મયુરધ્વજ શંકરલાલ ભટ્ટ
૨૦ LIG કે કે નગર સેકટર-૨, ઘાટલોડિયા અમદાવાદ

(૯) શ્રી કીર્તિકુમાર રેવાશંકર ભટ્ટ
બી ૫ મધુરમ ડુપ્લેક્ષ દક્ષીણી સોસાયટી,
મણિનગર અમદાવાદ

(૧૦) શ્રી દિનેશભાઈ પુરોહિત
૭૧, કમલ ડુપ્લેક્ષ, નીલ સાગર ટેના. સામે,
કઠવાડા રોડ, નરોડા. ૯૮૯૮૦ ૬૧૮૮૨

## નડિયાદ

(૧) ડૉ.શ્રી પ્રદ્યુમનકુમાર અંબાલાલ જોષી
૯, નરેન્દ્ર પાર્ક, સિવિલ હોસ્પિટલ સામે,
નડિયાદ, ફોન : ૨૫૨ ૭૩૦૬

(૨) શ્રી ઉપેન્દ્રકુમાર હરિનારાયણ શાસ્ત્રી
૯/૧૦, કૃષ્ણનગર સોસાયટી, કૃષ્ણદર્શન ફ્લેટની
બાજુમાં, વાણિયાવડ, નડિયાદ, ફોન : ૨૫૨૪૩૪૩

(૩) શ્રી મહેશભાઈ અંબાલાલ જોશી
૩૨, દ્વારકેશ સોસાયટી, ડુમરાલ રોડ, નડીયાદ.

## આણંદ

(૧) ડૉ. રાજેશકુમાર મનુભાઈ જોષી
૩૨, સર્વમંગલ પાર્ક, પાલિકાનગરની બાજુમાં,
આણંદ ફોન : ૨૪૬ ૧૧૫

## વિજાપુર

(૧) શ્રી યોગેશભાઈ પેશ્વા
મું. વિજાપુર, તા.જિ. મહેસાણા (મો) ૯૪૨૬૫ ૬૯૨૭૬

## વડોદરા

(૧) શ્રી રમેશભાઈ બાબુલાલ મહેતા
શિયાપુરા પોલીસ ચોકી પાસે, રાવપુરા ટાવર,
વડોદરા, ફોન : ૨૪૧ ૭૩૭૯

(૨) શ્રી રમેશભાઈ અંબાલાલ વ્યાસ
સી-૨૬, રિદ્ધિ-સિદ્ધિ પાર્ક, જી.આઈ.ડી.સી રોડ,
માંજલપુર, વડોદરા, ફોન :૨૬૩ ૧૮૦૧

(૩) શ્રી બલભદ્રભાઈ ગોર
બી ૧૨૪ ગાયત્રીકૃપા સોસાયટી, જીઆઈડીસી
વડસર રોડ, મકરપુરા, વડોદરા મો.૯૨૨૮૪૩૯૮૩૧

(૪) શ્રી ભરતભાઈ દવે
૧૧, સંધ્યાનગર, અવધૂત ફાટક,
વિશ્વામિત્ર રોડ, વડોદરા-૧૧

## ગાંધીધામ

(૧) શ્રી સુનિલભાઈ આર. પંડ્યા, ગાંધીધામ,
(મો) ૯૪૨૬૫ ૮૮૮૬૪

## કુકરવાડા

(૧) શ્રી કાંતિલાલ સોમનાથ જોષી,
અંબાજી માતાનો માઢ, કુકરવાડા ફોન : ૨૫૨ ૮૫૨

## મુંબઈ

(૧) શ્રી ભરતકુમાર પરમાનંદ જોશી
એમ-૪૦૨, ભાદરણ નગર, મલાડ (વે).
ફોન : ૦૨૨-૨૮૦૭૪૩૪૧

(૨) શ્રી મનુભાઈ ગિરજાશંકર પંડ્યા
૪૦૪, અનુપમ એપા., ૪થો માળ,
ન્યુ એરા થિયેટર પાસે, એસજી રોડ, મલાડ, વેસ્ટ

**મહેસાણા**

(૧) શ્રી પ્રવિણકુમાર ત્રિકમલાલ જોષી
૪૮, આદિનાથ સોસાયટી, ટીબી હોસ્પિટલ રોડ,
મહેસાણા (મો) ૯૮૭૯૬ ૦૫૨૮૦

(૨) શ્રી ભરતભાઈ મનુભાઈ જોશી
મો. ૯૯૨૫૦ ૪૭૫૩૦

**હિંમતનગર**

(૧) ડૉ. વિનાયકભાઇ કૃષ્ણપ્રસાદ પંડ્યા
કૃષ્ણ નિવાસ, ભાગ્યોદય સોસાયટી, પોલોગ્રાઉન્ડ,
હિંમતનગર, (મો) ૯૮૯૮૬ ૭૬૬૨૬

(૨) શ્રી ધર્મેશભાઇ જગદીશભાઇ જોષી
૬, સ્વસ્તિક સોસાયટી, નવારોડ, મહાવીરનગર,
હિંમતનગર, (મો) ૯૯૭૮૨ ૧૫૬૦૦

(૩) શ્રી પરેશકુમાર કાંતિલાલ જોષી
૨૧, આદર્શનગર, મહાવીરનગર,
હિંમતનગર (મો) ૯૪૨૬૫ ૮૦૫૯૭

(૪) શ્રી સૌરભભાઇ આર. ભટ્ટ
૧૦, રક્ષિત ટેનામેન્ટસ, એવન સોસાયટી, મોતીપુરા,
હિંમતનગર ફોનઃ૨૨૯૮૬૬, મો. ૯૫૩૭૨ ૮૮૧૧૩

(૫) શ્રી આશિષભાઈ ભટ્ટ
રામશ્યામ, નારી કેન્દ્રની બાજુમાં, ત્રિવેણી વિદ્યાલય
સામે, મહેતાપુરા, હિંમતનગર. મો. ૯૪૨૬૩૦૮૬૨૧

**ઈડર**

(૧) શ્રી દિલીપકુમાર લક્ષ્મણભાઇ જોષી
૮૨, આમ્રપાલી સોસાયટી, જવાનપુરા, ઇડર,
જિ. સાબરકાંઠા ફોન : ૨૫૪ ૧૬૮

**મોડાસા**

(૧) શ્રી રમેશભાઈ ટી. ઉપાધ્યાય
૧૧૦, રામપાર્ક સોસાયટી, બસ સ્ટેન્ડ પાછળ,
મોડાસા ફોન : ૨૭૪૧૧૩

**પાલનપુર**

(૧) શ્રી જયંતીલાલ જી. જોષી
૨, નિલકંઠ સોસાયટી,
હનુમાન ટેકરી, હાઈ-વે,
પાલનપુર-૩૮૫૦૦૧. ફોન : ૨૭૪૨૨૫૩૭૬૮

**સુરત**

(૧) શ્રી જીતેન્દ્રભાઈ અમૃતલાલ જોશી
૪૩, પાંડેસરા નગર, ગુહાબોર્ડ, પાંડેસર, સુરત.
ફોન-૨૮૯૦૫૫૫, મો.૯૪૨૬૧૦૧૨૨૩

**પાલ્લા**

(૧) શ્રી પ્રકાશકુમાર ડી.જોશી
મુ.પો.પાલ્લા, તા.ભિલોડા
મો.૯૪૨૭૪૦૨૭૩૯

**સમય જિંદગીનો ઓછો હશે એ ક્યાં ખબર હતી ?**
**વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી ?**
**ખબર છે એટલી બસ યાદ તમારી સદા રહેશે.**
**પ્રભુ તમારા આત્માને શાંતી આપે.**







**જ્યોત્સનાબેન એ. પંડ્યા** **અરવિંદભાઈ એ. પંડ્યા**
**અમી ભરત પંડ્યા** **ભરત એ પંડ્યા**
**દેવીના જિગ્નેશ જોષી** **કથન, કથિત, શ્રેયા, શ્રુતિ**

**પંડ્યા પરિવાર, પીપળજ**

# कुर्यात सदा मंगलम्

## કન્યા જોઈએ છે

| | | | |
|---|---|---|---|
| નામ | : પ્રતિક જોશી | પિયુશકુમાર ત્રિવેદી | કૌશિક વ્યાસ |
| જન્મ તારીખ | : ૧૩-૧૧-૧૯૮૨ | ૦૯-૦૩-૧૯૮૫ | ૦૭-૦૭-૧૯૮૬ |
| અભ્યાસ | : એમ.સી.એ. | બીએસએમએસ | ડિપ્લોમા સીવીલ એન્જીનીયર |
| વ્યવસાય | : નોકરી -એમએનસી | ક્લિનિકલ રિસર્ચર | સરકારી નોકરી |
| માસિક આવક | : ૫૦,૦૦૦ રૂા. | ૨૨,૦૦૦ રૂા. | ૧૩,૦૦૦ રૂા. |
| ઊંચાઈ | : ૫’ ૬’’ | ૫’ ૮’’ | ૫’ ૭’’ |
| ગોત્ર | : પારાશર | ભારદ્વાજ | ગર્ગ |
| વતન | : કુકરવાડા - ભરૂચ | જામળા | મહાદેવગ્રામ - બાકરોલ |
| રહેઠાણ | : બેંગ્લોર | અમદાવાદ | વડોદરા |
| સંપર્ક | : પ્રકાશભાઈ જોશી | કનુભાઈ ત્રિવેદી | દેવેન્દ્ર વ્યાસ |
| (૦૨૬૪૨) ૨૬૯૭૩૦, ૯૭૧૨૯૨૩૯૧૧ | | ૯૯૧૩૭૨૦૧૭૪ | ૯૩૭૪૯૬૯૯૦૧ |
| નામ | : તુષાર ભટ્ટ | ભાવિન પુરોહિત | વિરજ દવે |
| જન્મ તારીખ | : ૧૧-૦૨-૧૯૭૭ | ૧૯-૦૪-૧૯૮૭ | ૧૦-૧૧-૧૯૮૪ |
| અભ્યાસ | : બી.કોમ. આઈઆરપીએમ | નર્સિંગ ડિપ્લોમા | એમએસસી આઈ.ટી. |
| વ્યવસાય | : નોકરી - રિલાયંસ કોમ્યુ. | નોકરી | નોકરી |
| માસિક આવક | : ૨૩,૪૦૦ રૂા. | ૮,૫૦૦ રૂા. | ૧૮,૦૦૦ રૂા. |
| ઊંચાઈ | : ૫’ ૩’’ | ૫’ ૭’’ | ૫’ ૬’’ |
| ગોત્ર | : વચ્છ | પારાશર | કાત્યાયની |
| વતન | : ઉમેદગઢ | હિંમતનગર | હિરપુરા |
| રહેઠાણ | : અમદાવાદ | | અમદાવાદ |
| સંપર્ક | : રજનીકાંત ભટ્ટ | મધુસુદન પુરોહિત | પંકજભાઈ દવે |
| | ૯૩૨૭૪ ૦૧૪૦૭ | ૯૪૨૭૬૯૮૭૨૭ | ૯૦૯૯૯૨૯૦૫૫, ૨૬૯૩૧૧૩૫ |
| નામ | : કૌશલ વ્યાસ | દેવલ પંડ્યા | ધવલ રાજેન્દ્રપ્રસાદ ગોર |
| જન્મ તારીખ | : ૦૨-૦૬-૧૯૮૪ | ૨૩-૦૯-૧૯૮૩ | ૧૨-૦૮-૧૯૮૧ |
| અભ્યાસ | : બીએસસી ફાયર ટેકનોલોજી | બી.કોમ. સર્ટિ. ફિના. મેને. એમબીએ ચાલુ | બી.સી.એ. |
| વ્યવસાય | : નોકરી, ઈન્ટર. એરપોર્ટ, હૈદરાબાદ | નોકરી | નોકરી |
| માસિક આવક | : ૨૧,૦૦૦ રૂા. | - | ૧૦,૦૦૦ રૂા. |
| ઊંચાઈ | : ૫’ ૭’’ | ૫’ ૧૧’’ | ૫’ |
| ગોત્ર | : ગર્ગ | પારાશર | વચ્છસ |
| વતન | : બાકરોલ (મોડાસા) | નડિયાદ | દાવડ |
| રહેઠાણ | : વડોદરા | વડોદરા | અમદાવાદ |
| સંપર્ક | : દેવેન્દ્રભાઈ વ્યાસ | અશોકકુમાર પંડ્યા | રાજેન્દ્રપ્રસાદ ગોર |
| | ૯૩૭૪૯ ૬૯૯૦૧ | (૦૨૬૫) ૨૪૯૦૩૦૫ | ૯૪૨૯૧ ૩૪૧૮૯ |
| નામ | : ઉજ્જવલ જોશી | ધવલ હરીશકુમાર ભટ્ટ | જીતેન જયેશભાઈ ત્રિવેદી |
| જન્મ તારીખ | : ૦૩-૦૮-૧૯૮૩ | ૧૪-૧૨-૧૯૮૫ | ૨૨-૦૪-૧૯૮૪ |
| અભ્યાસ | : બી.ઈ. આઈ.સી. | B.Com., PGDCA, LL.B. | બી.ઈ. ઈ.સી. |
| વ્યવસાય | : નોકરી | નોકરી, સીવીલ કોર્ટ, મોડાસા | નોકરી |
| ગોત્ર | : પારાશર | વચ્છસ | માંડવ્ય |
| વતન | : વિજાપુર | રાયગઢ | ઠાસરા (ખેડા) |
| રહેઠાણ | : અમદાવાદ | હિંમતનગર | અમદાવાદ |
| સંપર્ક | : અજય જોશી | હરીશકુમાર ભટ્ટ | જયેશભાઈ ત્રિવેદી |
| (૦૭૯) ૨૫૮૩૫૫૭૩, ૯૨૨૭૨૦૦૬૫૧ | | ૯૯૭૯૨૧૯૮૭૩, ૯૬૩૮૫૭૭૫૭૦ | ૯૮૯૮૦૦૩૩૨૪, ૨૭૪૪૦૩૭૩ |

## કન્યા જોઈએ છે

| | | |
|---|---|---|
| નામ | : હરેશ સુભાષચંદ્ર જોશી | તુષાર રજનીકાંત ભટ્ટ |
| જન્મ તારીખ | : ૧૫-૧૦-૧૯૭૮ | ૧૧-૦૨-૧૯૭૭ |
| અભ્યાસ | : ટી.વાય.બી.કોમ. | B.Com., HRDC (IRPM) |
| વ્યવસાય | : નોકરી, એકાઉન્ટન્ટ, ગોપી ટીવી પેલેસ | રીલાયન્સ કોમ્યુ. લી. |
| માસિક આવક | : ૬,૦૦૦ રૂા. | રૂા. ૨૩,૨૦૦ |
| ઊંચાઈ | : - | ૫'.૩" |
| ગોત્ર | : ભારદ્વાજ | વચ્છ |
| વતન | : દગાવાડીયા | - |
| રહેઠાણ | : વિજાપુર | મણીનગર, અમદાવાદ |
| સંપર્ક | : હંસાબેન | ૯૩૨૭૪ ૦૧૪૦૭ (રાત્રે ૭ પછી) |
| ૦૨૭૬૩-૨૪૨૩૨૬, ૯૭૨૬૪ ૭૩૪૮૭ | | છૂટાછેડા લીધેલ છે. |

## વર જોઈએ છે

| | | |
|---|---|---|
| નામ | : રાજવી મહેતા | ખુશ્બુ પંકજકુમાર પંડ્યા |
| જન્મ તારીખ | : ૦૯-૦૯-૧૯૮૬ | ૦૨-૧૦-૧૯૮૭ |
| અભ્યાસ | : બી.ઈ. બાયોટેક | M.A., Part-2, Dip. Human Resorses |
| ગોત્ર | : પારાશર | પારાશર |
| વતન | : અમદાવાદ | પ્રાંતિજ |
| રહેઠાણ | : અમદાવાદ | હિંમતનગર |
| સંપર્ક | : સમીર મહેતા | પંકજકુમાર પંડ્યા |
| | (૦૭૯) ૨૬૭૬૯૦૧૯ | ૯૪૨૬૭ ૨૯૮૧૬ |

## ડેન્ગ્યુ ફીવરને અટકાવવા આટલું કરો

સારવાર : (૧) તાવ દરમ્યાન સંપૂર્ણ આરામ (૨) તાવ અને દુઃખાવા માટે ટેબ. પેરાસીટામોલ પણ ટેબ. એસ્પીરીન ન જ લેવાય (૩) તાવ અને દુઃખાવા માટે દર્દનાશક અથવા સામાન્ય ઘેન લાવનાર દવા આપવી. (૪) ઠંડા પાણીના પોતાં મુકવાં, નબળાઈ, પુષ્કળ પસીનો કે ઝાડા અથવા ઉલ્ટી હોય તો ઓ.આર.એસ. દ્રાવણ, ફળોનો રસ આપવો.

અટકાયતી પગલાં : (૧) શરીરના અંગોને ઢાંકી રાખે તેવા કપડાં પહેરવાં (૨) મોસ્કવીટો રીપેલન્ટસ ક્રીમ વિગેરેનો ઉપયોગ કરવો. (૩) સંચિત પાણીની ટાંકીઓ, કન્ટેઈનર્સ ખાલી કરી સાફ કરાવવા. (૪) ઓવરહેડ પાણીની ટાંકીઓ ઢાંકેલી રાખવી. (૫) ચોખ્ખા પાણીના કન્ટેઈનર્સ ખાલી કરાવી પોરાનાશક કામગીરી કરવી. (૬) મચ્છરોની ઉત્પતિ તથા રોગની જાણકારી અને બચાવ માટે આરોગ્ય શિક્ષણ આપવું.

**Total Power Solution Under one Roof**
**COMPANY BRANCH OFFICE AT GHATLODIA**

EXIDE INDUSTRIAL · SF SONIC · Base Terminal · PRESTOLITE

Dealers are Wel-Comed

- **Car Batteries :** Maruti, Hyundai, Tata, Skoda, Toyota
- **Two Wheeler :** Honda, Bajaj, TVS, Yamaha, LML
- **SMF BATTERIES FOR** UPS, INVERTER & HOME UPS

**SALES & SERVICES**

- On-line UPS (600 VA to 60 KVA)
- Inverter for Residential, Industrial & Hospital Application
- Stabilizer for Industrial & Residential (Home System, A.C., T.V., Freez)

CHIRAG PANDYA MOB. 95379 77122 KALPESH RAMESHCHANDRA JOSHI MOB. 95379 77203

**SHREE POWER PRODUCTS**

LL-12, Manthan Society, Opp. Modi Petrol Pump, Satadhar Char Rasta, Ghatlodia, Ahmedabad-61. E-mail : shreekrj@vsnl.com ● shreekrj@rediffmail.com

☞ **Required : Sales & Service Engineers**
☞ **જ્ઞાતિબંધુઓ માટે વિશેષ ઓફર...**

# ગોલ્ડ મેડલ મેળવીને સમાજનું ગૌરવ વધારતા રવિ અશ્વિનભાઈ ઉપાધ્યાય



અશ્વિનભાઈ એસ. ઉપાધ્યાયના સુપુત્ર ચિ. રવિ ઈમોશનલ બ્રાન્ડીંગ માટે લુપીનના ચેરમેનશ્રી હસ્તે લુપીન એવોર્ડ (૨૦૧૦-૨૦૧૧) ગોલ્ડ મેડલ અર્પણ કરવામાં આવ્યો હતો. ચિ. રવિએ ભટ્ટ મેવાડા સમાજનું ગૌરવ વધારેલ છે. ભટ્ટ મેવાડા સમાજ તરફથી ચિ. રવિને હાર્દિક અભિનંદન.

## ભટ્ટ મેવાડા સમાજનું ગૌરવ



ચાલુ સાલે ઓલ ઈન્ડિયા લેવલે લેવાયેલ GATE:2011 ની પરીક્ષામાં જોષી ઈશાનકુમાર હરિકૃષ્ણ (બાયો. મેડિ. એન્જી.) રહે. ખેડબ્રહ્માએ સી.યુ.શાહ એન્જી. કોલેજમાં પ્રથમ નંબર તેમજ ગુજરાતમાં પાંચમો નંબર મેળવી સમગ્ર ભટ્ટ મેવાડા સમાજનું ગૌરવ વધારેલ છે.

## ઘેર બેઠા ગંગા

પૂર્ણિમાબેન વ્યાસ (ફોન - ૨૭૫૫ ૨૯૩૩, મો. ૯૪૨૬૫ ૫૨૬૬૬) એલઆઈસીના જન. ઈન્સ્યુરન્સનું તથા ટુવાલ, બેડ સીટ વગેરે વેચવાનું કામ ઘેર બેઠા કરે છે. જ્ઞાતિજનોને આવી જરૂરિયાત હોય તો તેમનો સંપર્ક કરવા વિનંતી છે.

આ રીતે ઘરેથી જ આવી પ્રવૃત્તિ કરતાં જ્ઞાતિના ભાઈ - બહેનો તેમની વિગતો મોકલશે તો વિના મૂલ્યે પ્રસિદ્ધ કરવામાં આવશે.

Bharat Joshi Mob. 99250 47530
Bhumesh Joshi Mob. 97129 51963
Ph. : 2764-234114

BALRAM
SALES CORPORATION

Authorised Dealers :

LPS & UNBRAKO MAKE HIGH TENSILE INDUSTRIAL FASTNERS, M.S., S.S. AND ALL TYPE OF NUTS & BOLTS

7, Sagar Com. Complex,
Below Bank of Baroda,
CHHATRAL.
Gujarat. Pin : 382729
E-mail : balramsales@gmail.com

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

With Best Compliments From

Sonu N. Bhatt
(AGENT)

NSC, KVP, MIS, R.D.,
SMALL SAVINGS SCHEME,
LIC, UTI, PPF, COS. DEPOSITS,
SRGE, ICICI MUTUTAL FUND,
RBI RELIEF BONDS.

: RESIDENCE :
PLOT NO. 152/2, ANAND VATIKA SOCIETY,
SECTOR-22, GANDHINAGAR-382022.
PH. : 079-23227798, (M) 98980 27798

## હાર્દિક અભિનંદન



ડૉ. ઉત્પલ લક્ષ્મીકાંત જોષી તથા ડૉ. અવની જોષીના સુપુત્ર ચિ. પૃથક ઓકટોબર-૧૦માં લેવાયેલ અલોહા અંગ્રેજી એડવાન્સ કેટેગરીમાં લેવલ-૪ની સુરત મુકામે ગુજરાત સ્ટેટની પરીક્ષામાં પ્રથમ ક્રમે આવીને ભટ્ટ મેવાડા સમાજનું ગૌરવ વધારેલ છે.

## મોડાસા ભટ્ટ મેવાડા સમાજનું ગૌરવ



રાકેશભાઈ ઉપાધ્યાયના સુપુત્ર ચિ. બોની એ ચાલુ સાલે લેવાયેલ ધોરણ-૧૦માં ૮૭ ટકા સાથે ઉત્તીર્ણ થઈ મોડાસા ભટ્ટ મેવાડા સમાજનું ગૌરવ વધારેલ છે.

## ભોળાનાથને ભજવાનો માસ - શ્રાવણ માસના પાઠ માટે અગાઉથી નામ નોંધાવવા વિનંતી

ગાંધીનગર

પવિત્ર શ્રાવણ મહિનો ૩૧ ઓગષ્ટથી શરૂ થઈ રહ્યો છે. ભગવાન શંકરની આરાધનાનો શ્રેષ્ઠ મહિનો છે. આ મહિનામાં ભોળનાથની વધારેમાં વધારે ભક્તિનો મહિમા છે.

ગાંધીનગર ખાતે વર્ષોથી શ્રાવણ માસ દરમ્યાન જ્ઞાતિજનોના ત્યાં પાઠ અને દર સોમવારે લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવે છે.

ગાંધીનગરના સૌ જ્ઞાતિજનોને અગાઉથી શ્રાવણમાસના પાઠ માટે શ્રી પ્રકાશભાઈ ભટ્ટ અથવા શ્રી રમેશભાઈ જોષીને નામ નોંધાવવા વિનંતી.

**ભટ્ટમેવાડા વર્તમાનના અંકો દર માસની ૧૫ તારીખે રવાના કરવામાં આવે છે જે મોડામાં મોડા ૨૫ તારીખ સુધીમાં સામાન્ય રીતે મળી જતા હોય છે. કોઈ કારણસર જો અંક ન મળે તો પત્ર દ્વારા શ્રી રમેશભાઈ જોશી, પ્લોટ નં.૧૩૧૬/ એ-૨, સેકટર-૭ડી, ૩૮૨ ૦૦૭ ગાંધીનગરના સરનામે અથવા ફોન નં.(૦૭૯) ૨૩૨૩૦૬૩૨ પર જણાવવા વિનંતી છે કે જેથી જે જ્ઞાતિજનોને અંક ન મળ્યો હોય તેમને મોકલવાની વ્યવસ્થા થઈ શકે.**


With Best Compliments From

**Ritesh Mehta** (M.Com.) **(M) 98240 49997**
**Ph. : 241 7379**

**Chandan Distributors**

***Surgical Products and Rehabilitation Aid Vissco, Flamingo, Accuchek, Diamond, Omron Hicks***

Vadi Wadi, Behind Shiyapura Police Chowkey,
Near Tower Raopura, Vadodara - 390 001.
E-mail : chandsurgi@yahoo.com

**Ramesh Mehta** **(M) 98240 14997**

**Mehta Associats**

***LAND DEVELOPERS & PROJECT CONSULTANT***

B/h. Shiyapura Police Chowkey,
Vadi Wadi, Raopura Tower,
Vadodara - 390 001.
Tele No. (0265) 2413157 Fax : (0265) 2417379
E-mail : mehtaprocon@yahoo.co.in


## પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ



**સ્વ. શ્રી નટવરલાલ જીવરામ જોષી**

**(વ્યાસવાસણા)**

**સ્વ. તા. ૭-૭-૨૦૧૦**

લિ.

ગં.સ્વ. વિમળાબેન નટવરલાલ જોષી
ગજેન્દ્રકુમાર નટવરલાલ જોષી
નરેશકુમાર નટવરલાલ જોષી
ભરતકુમાર નટવરલાલ જોષી
હંસાબેન શૈલેષકુમાર જોષી

# ડિરેક્ટરી માટે કુટુંબની માહિતી

| અટક | નામ | પિતા/પતિનું નામ | સંબંધ | જન્મતારીખ | વૈવાહિક દરજ્જો પરણિત/કુંવારા/ વિધુર/છુટાછેડા/અન્ય | શૈક્ષણિક લાયકાત | ખાસ સિદ્ધિઓ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

| વ્યવસાય | હોદ્દો/ધંધાનો પ્રકાર | રહેણાંકનું સરનામું | વ્યવસાયનું સરનામું | ટેલીફોન | | | મોબાઈલ | ઈમેલ | વેબ સરનામું |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | એસટીડી કોડ | રહેઠાણ | વ્યવસાય | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

| વતન | ગોત્ર | વાર્ષિક આવક (મરજીયાત) | એસએમએસ એલર્ટમાં રસ છે ? હા/ના | સુચન/મંતવ્ય/માર્ગદર્શન |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

**નોંધ : વધુ માહિતી હોય તો વધારાનું પાનું જોડવું.**

**કુટુંબના વડાની સહી :**

# સફળતા

સફળતા કદી પણ આકસ્મિક નથી હોતી, એ આપણા દ્રષ્ટિકોણનું પરિણામ છે અને દ્રષ્ટિકોણ આપણે જ નક્કી કરતા હોઈએ છીએ અને તેથી આપણી 'સફળતા' પણ આપણી પસંદગી ઉપર નિર્ભર છે. ટૂંકમાં કહી શકાય કે સફળતા નસીબથી નથી મળતી, એ માટે હકારાત્મક દ્રષ્ટિકોણ મક્કમ નિર્ધાર પણ કરવો પડે છે.

ઘણા ચક્રમો જેકપોટની રાહ જોતા હોય છે. પરંતુ શું એનાથી સફળતા મેળવી શકાય ખરી ?

એક મહાત્મા પોતાના માર્ગમાં અતિ સુંદર લીલીછમ વાડી જોઈને મંત્રમુગ્ધ થઈ ત્યાં રોકાઈ ગયા. એ મહાત્મા વાડીમાં પોતાના કામમાં વ્યસ્ત ખેડૂતને મળ્યા અને કહ્યું 'અરે વાહ ! .... પ્રભુએ તમને આટલી સુંદર મંત્રમુગ્ધ કરી દેનારી વાડી વરદાનરૂપે આપી છે. તારે એમનો આભાર માનવો જોઈએ.' ખેડૂતે જવાબ આપ્યો, 'હા પ્રભુએ મને આ સુંદર વાડી વરદાનરૂપે આપી છે અને હું એ માટે પ્રભુનો ખૂબ ખૂબ આભારી પણ છું. પણ આ વાડી તમારે ત્યારે જોવી જોઈતી હતી જ્યારે એ માત્ર પ્રભુને ભરોસે હતી.'

આપણે ઘણી વાર અનુભવતા હોઈએ છીએ કે અમુક માણસો એક પછી એક સફળતાની સીડીઓ ચડતા જઈ સિદ્ધિનાં અનેક સોપાનો સર કરી લેતા હોય છે. જ્યારે બીજા પ્રથમ પગથિયે જ અટવાયા કરતા હોય છે. એવું પણ બનતું હોય છે કે અમુક વ્યક્તિ એમની પ્રગતિના માર્ગમાં આવતી દરેક અડચણો અને અંતરાયોનો હિંમતપૂર્વક સામનો કરી, પોતાનો આગળ વધવાનો માર્ગ શોધી જ લેતી હોય છે, જ્યારે બીજા એ અંતરાયોના ચક્રવ્યૂહમાં અટવાયેલા રહી સંઘર્ષ જ કરકતા હોય છે.

ઉપરોક્ત બંને પરિસ્થિતિઓનાં ઉદ્‌ભવતા અનેક સવાલોના ઉચિત જવાબોનો જો અભ્યાસક્રમમાં વણી લેવામાં આવે તો શિક્ષમ ક્ષેત્રે ખરેખર ગજબની ક્રાંતિ થાય. તમામ ઉદ્‌ભવતી પરિસ્થિતિનો તાગ કાઢતા એક બાબતસ્પષ્ટ છે કે અસાધારણ વ્યક્તિ, રચનાત્મક દ્રષ્ટિકોણ ધરાવતી વ્યક્તિ હંમેશા તક શોધી હોય છે, જે ઝડપી લઈ એ પ્રગતિ સાધી શકે, સિદ્ધિનાં સોપાનો સર કરી શકે પણ એક સામાન્ય માનવી, જે સતત કોઈને કોઈ સમસ્યાથી ઘેરાયેલો રહે છે એ માનવી પોતાની જવાબદારીઓને કારણે કોઈ નવું જોખમ ન લેતાં માત્ર સુરક્ષા માટે સંઘર્ષ કરકતો રહે છે. એક બાબતની નોંધ લેવી જોઈએ અને ગાંઠે બાંધી લેવી જોઈએ કે આપણે આપણું ધ્યાન હંમેશા એ બાબતો ઉપર કેન્દ્રિત કરવું જોઈએ જે આપણને જોઈએ છે. જે આપણે ઈચ્છતા નથી કે બીજા શબ્દોમાં કહીએ તો જે આપણે ન કરવી જોઈએ એવી બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર નથી.

**સફળતા એટલે શું ?**

સફળતા અને નિષ્ફળતા, આ વિષય ઉપર અત્યાર સુધીમાં અનેક અધ્યયન થયાં છે. આપણે જરૂર છે માત્ર ઇતિહાસ ઉપરથી બોધ લેવાની. સફળતાને વરેલી વ્યક્તિઓની જીવન ગાથા એમનું આત્મચરિત્ર જ્યારે આપણે વાંચીએ છીએ ત્યારે એક બાબત સાહજિક રીતે સ્પષ્ટપણે ઊપસી આવે છે કે એ વ્યક્તિઓ ભલે જુદા જુદા સમયગાળાની હોય, પણ અમુક ગુણો, કેટલીક સજ્જનતા તો બધામાં સમાજ ન હતાં. સફળ લોકોને સફળતા અપાવનાર ગુણોને શોધીને જો એમને આત્મસાત કરવામાં આવે તો આપણે પણ સફળ થઈ શકીએ છીએ. સફળતા હંમેસા પોતાનાં નિશાન છોડે છે અને જો આપણે સફળ લોકોનાં ગુણોને ઓળખીએ અને અપનાવીએ તો આપણે પણ સફળ બની શકીએ. તે જ પ્રમાણે નિષ્ફળ લોકોનાં પણ સર્વસમાન્ય લક્ષણો હોય છે, આપણે તેને ટાળીએ તો આપણે નિષ્ફળ બનીએ. સફળતા એ કોઈ રહસ્યમય બાબત કે ઘટના નથી પણ અમુક મૂળભૂત સિદ્ધાંતોના અવિરત, સાતત્ય સાથેના આચરણનું પરિણામ છે. એથી વિપરિત વારંવાર એકની એક ભૂલ કરવાથી નિષ્ફળતા સિવાય બીજું કશું હાથ લાગતું નથી. આ બધી બાબતો સાંભળવી કદાચ ખૂબ સીધી અને સરળ લાગે એમાં નવાઈ નથી, હકીકત છે કે સત્ય હંમેશા ખૂબ સરળ અને સાદું હોય છે. હું એમ નથી કહેતો કે એમનું આચરણ સહેલું છે, પણ હા, સરળ જરૂર છે.

સદા હસતાં રહેવું અને સૌને પ્રેમ કરવો;
વિદ્વાનોનો પ્રેમ પામવો
અને બાળકોના દિલમાં રહેવું,
આલોચકોની સ્વીકૃતિ મેળવવી અને
કપટી મિત્રોના છળને સહન કરવું;
સુંદરતાને વખાણવી;
બીજાની ખૂબીઓ શોધવી;
કોઈપણ વળતરની અપેક્ષા વિના,
બીજાઓ માટે જીવન સમર્પિત કરવું;
કોઈ એક ઉદ્દેશ્યમાં સફળ થવું;
પછી એ સંતાનોના યોગ્ય ઉછેર માટે હોય;
કે કોઈનું જીવન સુધારવાનું કે પછી જીવન બચાવવાનું હોય;
મેદાનનાં નાનાં ટૂકડામાં પણ
મનમોહક બગીચો બનાવવો,
સામાજિક પરિસ્થિતિઓ બદલવી,
ઉત્સાહ અને જુસ્સા સાથે હસવું-રમવું
આનંદથી મુક્તપણે ગીતો ગણગણવાં
એ બાબતોનો અનુભવ થવો કે
આપણે કોઈકની જીંદગીને તારવામાં
નિમિત્ત બન્યા છીએ;
તો એ જવલંત સફળતાની નિશાની છે.

## ભટ્ટ મેવાડા વર્તમાનના વાચકો અને જ્ઞાતિબંધુ માટે

# અકસ્માત વિમા યોજના

ભટ્ટ મેવાડા વર્તમાન ભટ્ટ અને મેવાડા સમાજ ગાંધીનગરના સયુંક્ત ઉપક્રમે ભટ્ટ મેવાડા વર્તમાનના વાંચકો/ જ્ઞાતિજનો માટે એક અકસ્માત વિમા યોજના ગત વર્ષથી શરૂ કરેલ છે. જેનો લાભ જ્ઞાતિજનો મોટી સંખ્યામાં લઈ રહ્યાં છે.

ભટ્ટ મેવાડા વર્તમાનનું વાર્ષિક લવાજમ રૂા ૫૦ /- છે. અકસ્માત વિમાનો લાભ મેળવવા ઈચ્છનાર સભ્યે રૂા ૫૦/- વધારાના ભરવાના રહેશે. જેમણે લવાજમ ભરેલ છે તેમણે રૂા ૫૦/- વિમાના લાભ માટે ભરવાના રહેશે. લવાજમ ધારકના કુટુંબીજનનો પણ સભ્ય દીઠ રૂા ૫૦/- વધારાના ભરવાથી આ લાભ મળી શકે છે. **આ એક સ્વૈછિક યોજના છે. તેમાં જોડાવું મરજિયાત છે.** આ યોજના જ્ઞાતિજનોના હિતમાં અને ભટ્ટ મેવાડા વર્તમાનનું ભંડોળ વધારવા માટે યોજેલ છે. આ યોજના તા. ૧-૯-૨૦૧૧ થી અમલમાં આવશે. આથી યોજનાનો લાભ લેવા ઈચ્છુક જ્ઞાતિજનોએ લવાજમ/ વીમાની રકમ તા. ૨૦-૮-૨૦૧૧ સુધીમાં અત્રે મોકલાવી આપવાની રહેશે. જે તે સ્થળના સ્થાનિક પ્રતિનિધિઓને પણ આ રકમ આપી શકાશે.

યોજનાની વિગતો નીચે પ્રમાણે છે. ● યોજનાનું નામ:- ગ્રુપ પર્સનલ એક્સીડેન્ટ ઈન્શ્યોરન્સ સ્કીમ (અકસ્માત વિમા યોજના). ● આ યોજનામાં જીવન વિમાનો સમાવેશ થતો નથી. ● વિમા ધારકની ઊંમર ૧૦ વર્ષ કરતાં વધું ૭૦ વર્ષ કરતાં ઓછી હોવી જોઈએ.

**પોલીસી હેઠળ મળતા લાભોઃ**

૧. અકસ્માતથી મૃત્યુ રૂા. ૧,૦૦ ૦૦૦/- ( એક લાખ) સુધીનો લાભ
૨. અકસ્માતથી કાયમ માટેની સ્થાયી સંપૂર્ણ અપંગતા - રૂા. ૧,૦૦,૦૦૦/-
૩. અકસ્માતથી બે હાથ અથવા બે પગ અથવા બે આંખની રોશની ગુમાવવી અથવા ઉપર દર્શાવેલ અંગો પૈકી બે અંગ ગુમાવતા રૂા. ૧,૦૦,૦૦૦/-
૪. અકસ્માતથી એક હાથ અથવા એક પગ અથવા એક આંખની રોશની ગુમાવતાં રૂા. ૫૦,૦૦૦/-

**નીચે દર્શાવેલ પરિસ્થિતિમાં વિમાનો લાભ - વળતર મળશે નહીં :**

૧. કુદરતી મૃત્યુ (નેચરલ ડેથ)
૨. આત્મહત્યા કે તેનો પ્રયત્ન અથવા તે દ્વારા થયેલી ઈજા કે મૃત્યુ
૩. દારૂ કે કોઈ દ્રવ્યના સેવનથી થયેલ અકસ્માત કે તેનાથી મૃત્યુ
૪. મગજની અસ્થિરતાથી
૫. કાયદાનો ભંગ કરવાથી
૬. પ્રસૂતિ/ગર્ભાવસ્થા વગેરે (સ્ત્રી સભાસદના કિસ્સામાં)
૭. યુદ્ધ/ક્રાંતિ અને વિદ્રોહથી
૮. રેડિયેશનને લીધે થતું કોઈ નુકશાન કે અપંગતા કે મૃત્યુ

અકસ્માતને લગતા તમામ પુરાવા વિમો લેનાર સભાસદે ભટ્ટ મેવાડા વર્તમાનના કાર્યાલયે રજૂ કરવાના રહેશે.

દા.ત. (૧) પોલીસ કેસ થયાની એફઆઈઆરની નકલ (૨) મૃત્યુ થયાનું પ્રમાણપત્ર વગેરે.

**તા. ૦૧/૦૯/૨૦૧૧થી લાભ લેવા માંગતા જ્ઞાતિજનોએ અગાઉથી પ્રિમીયમ મોકલવા વિનંતી**

Owner : Shree Bhatt Mevada Brahma Samaj, Gandhinagar Printer, Publisher, Editor : Bipinchandra Joshi, Printed : Dharti Offset, Plot No. L-405, G.I.D.C., Sector-28, Gandhinagar. Published : 1316/A/2, Sector-7 D, Gandhiangar. (GUJARAT)